## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બાપુને આપણાં કરતા વધુ ઠંડી લાગે છે એ જોતા... એ હિમમાલયથી આવ્યા છે એ પોલ આ સીઝનમાં ખુલી ગઈ...!!

## ખેડુતોને સરકારની સહાય મશ્કરી સમાન : શંકરસિંહ

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા આજરોજ ભાજપની રાજય સરકારે કપાસ પકવતા ખેડુતોને ૨૦ કિલોગ્રામે ૧૧૦ રૂપિયાની સહાયની કરેલ જાહેરાત અંગે જણાવ્યું સન-૧૪ની લોકસભાની ચૂંટણીમાં કપાસ પકવતા ખેડુતોની લાગણીઓને ઉશ્કેરવા માટે ભાજપના આજના વડાપ્રધાનને જે-તે વખતે જાહેરમાં વાતો કરેલી કે ૧૫૦૦/- કપાસનો ભાવ ખેડુતોને મળવો જોઈએ અને જાહેરાતમાં ગાલ ઉપર તમાચો મારી બતાવતા હતા કે, આને કહેવાય કેન્દ્ર સરકારનો હળહળતો અન્યાય. હકીકતમાં જે-તે વખતે યુપીએ-૧ અને યુપીએ-૨ની સરકારે ખેડુતો પાસેથી સારામાં સારા ભાવે કપાસ ખરીદીને ખેડુતોને સુખી કરેલા. આવી લાફો મારતી જાહેરાતે આપતી ભાજપની દિલ્હીની અને ગુજરાતની સરકારે કપાસ પકવતા ખેડુતોને પડતા ઉપર પાટુ મારવા જેવું કર્યુંછે.

# શાહપુરમાં પ્રાથમિક શાળાના નવા મકાનનું લોકાર્પણ કરાયુ

### ૧૦ વર્ગખંડો સાથેનું નવું સંકુલ રૂ. ૭૦ લાખથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યુ : ગ્રામજનોએ દરેક વર્ગખંડમાં લોખંડની તિજોરી બનાવી દીધી અને બાળકોને પ્રાર્થના માટે શેડ તથા પેવર બ્લોકનું કામ કરી વધુ અદ્યતન સંકુલ બનાવવાની કરાયેલી સખાવતની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા શાહપુર ગામમાં રૂ. ૭૦ લાખથી વધુના ખર્ચે નવનિર્મિત કરાયેલ સરકારી પ્રા. શાળાનું આજે એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં લોકાર્પણ કરવામાં આવ્યુ છે.

જી.સી.ઈ.આર.ટી.ના નિયામક શ્રી ટી.એચ. જોશી તથા ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજય પરમારના હસ્તે આ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના નિવૃત્ત શિક્ષિકા શ્રીમતિ પુષ્પાબેન જાનીને ભાવભીની વિદાય પણ આપવામાં આવી હતી.

૮૦૦ બાળકો ધરાવતી આ પ્રાથમિક શાળામાં ૧૦ વર્ગખંડો બનાવવામાં આવ્યા છે. સર્વશિક્ષા અભિયાન અંતર્ગત આ શાળાનું નવનિર્માણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સરકારના ઉચ્ચ અધિકારી શ્રી જોશીએ જણાવ્યું હતું કે શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા સરકાર કટિબદ્ધ છે. તેમણે જણાવ્યુ હતુ કે શિક્ષણસંકુલની પવિત્રતામાં બાળકોમાં સંસ્કારનું ઘડતર થાય છે.

તેમણે સરકારી શાળાનું સંકુલ જે અદ્યતન બનાવ્યુ છે તેનો લાભ ગામના તમામ બાળકો લે તે પણ જરૂરી છે. આગામી દિવસોમાં આવી રહેલા કાર્યક્રમો ગુણોત્સવ અને રમત-ગમત સ્પર્ધા, વિજ્ઞાન-ગણિત પ્રદર્શન સહિતની વિગતો તેમણે આપી હતી.



આ પ્રસંગે પ્રાંસગિક ઉદ્‌બોધનમાં ઈન્ચાર્જ જિલ્લા શાખાધિકારી શ્રી સંજય પરમારે જણાવ્યું હતું કે જિલ્લામાં શાળાઓના કાયાકલ્પની વ્યૂહરચના તૈયાર કરી દેવામાં આવી છે. આ વર્ષે જ ૧૫૧ જેટલા નવા વર્ગખંડો જુદી જુદી શાળાઓમાં બનાવવામાં આવ્યા છે. તેમણે વયમર્યાદાને લઈ નિવૃતત થઈ રહેલા શિક્ષિકા પુષ્પાબેનની સેવાઓને પણ બિરદાવી હતી.

લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોએ દરેક વર્ગખંડમાં એક લોખંડની તિજોરી બનાવી દીધી છે. તેને પણ બિરદાવવામાં આવી હતી. આજે શાળાના બાળકો માટે પ્રાર્થના માટે શેડ અને પેવર બ્લોકનું કામ પણ ગ્રામજનોના સહયોગથી કરવાની જાહેરાત કરાઈ હતી. બાળકોને તિથીભોજન પણ અપાયુંહતું. શાળાના નવનિર્માણના બિલ્ડીંગની સાથે સાથે વિવિધ દાતાઓ તરફથી શાળાને મળેલ દાનની સરવાણીનુંપણ સન્માન કરી બિરદાવવામાં આવેલ.

## ખૂણે ખાંચરેથી...

- સ્માર્ટસીટીપ્રોજેક્ટ માટે ગાંધીનગર મહાનગરપાલિકાની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી અપાઈ
- ગાંધીનગર જિલ્લામાં ઠંડી વધતાં ઘઉંના વાવેતરમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.
- આજે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ને લઈ ખાસ વિડીયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં વધતા જતા રખડતા પશુઓના ત્રાસથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- જિલ્લા પંચાયતની પશુપાલન શાખાએ કૃત્રિમ બીજદાનમાં રાજ્યભરમાં શ્રેષ્ઠ કામગીરી કરતાં તેને પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.
- વિધાનસભા સંકુલમાં રંગરોગાન અને મરામતની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.
- ‘ગીડા’ જે સરકારી તબીબોનું એસોસિએશન છે તેની બેઠક રવિવારે વડોદરા ખાતે યોજાવાની છે.
- જિલ્લામાં ચાર નવા મેડીકલ ઓફિસરોની નિયુક્તિ થતાં મેડીકલ ઓફિસરની તમામ જગ્યાઓ ભરાઈ જવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં દબાણ હટવા ઝૂંબેશ ધીમી ગતીએ આગળ વધી રહી છે. જેમાં અસ્થાયી દબાણો વધુ દૂર કરવામાં આવી રહ્યા છે.
- જિલ્લાના મહેસૂલી અધિકારીઓની બેઠક આજે કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષપદે મળી હતી.

# કપાસ પકવતા ખેડુતોને વધારાનું બોનસ અપાશે

### મુખ્યમંત્રી આનંદીબેનનો ખેડુતલક્ષી મહત્વનો નિર્ણય : ખેડુતોને કપાસના સારા બજાર ભાવ મળે તે માટે રાજયના ૪ કેબિનેટ પ્રધાનોની સમિતિ બની હતી : અહેવાલ સુપ્રત

અમદાવાદ, તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે વધુ એક કિસાનલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો જેના ભાગરુપે ગુજરાતમાં સૌપ્રથમવાર કપાસ પકવતા ખેડૂતોને રાજ્ય સરકાર વધારાનું બોનસ આપશે. પ્રવક્તા મંત્રી નીતિન પટેલે આજે આ મુજબની જાહેરાત કરી હતી.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, રાજયના કપાસ પકવતા ખેડુતોના ચાલુ સાલે ૨૭.૬૧ લાખ હેકટરના વાવેતર અને અંદાજીત ૮૫ થી ૯૦ લાખ ગાંસડીના ઉત્પાદનને ધ્યાનમાં રાખી ખેડુતોને કપાસના સારા બજાર ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી દ્વારા આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, નાણા મંત્રી સૌરભભાઈ પટેલ, કૃષિ મંત્રી બાબુભાઈ બોખીરીયા મળી રાજયના ચાર કેબીનેટ મંત્રીઓની સમિતિ બનાવી હતી. આ સમિતિએ રાજયના વિવિધ ખેડુત સંગઠનો પદાધિકારીઓ તથા માર્કેટીંગ ચાર્ડના ચેરમેનઓ તથા કિસાન સંઘના પ્રતિનિધીઓ સાથે ખુબ જ ઉડાણ પૂર્વક ચર્ચા વિચારણા કરીને મુખ્યમંત્રીને અહેવાલ સુપ્રત કર્યો હતો. જેના પરિણામે મુખ્યમંત્રીએ આજે આ મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, સી.સી.આઈ દ્વારા ખરીદ કેન્દ્રો ઉપર કપાસનું વેચાણ કરે તેવા તમામ ખેડુતોને ૮૧૦/- પ્રતિ મણ (૨૦ કિ.ગ્રા) ચુકવવામાં આવે છે. તે ઉપરાંત રાજય સરકાર દ્વારા વધારાના ૧૧૦/- પ્રતિ મણ બોનસ સ્વરૂપે રાજય સરકારના બજેટમાંથી ચુકવાશે.

એટલે કે હવે કપાસ પકવતા ખેડુતને ૯૨૦/- પ્રતિ મણ મળશે. આમ, કવીન્ટલે ૪૬૦૦/-નો ભાવ ખેડુતોને મળશે. આ વધારાની સહાયની યોજનાનો અમલ તા. ૧૮મી ડીસેમ્બર-૨૦૧૫ થી સી.સી.આઈ દ્વારા થનાર ખરીદીને લાગુ પડશે. ખેડુતો દ્વારા સી.સી.આઈમાં કપાસ વેચાણનું બીલ તથા માર્કેટ ચાર્ડનો દાખલો રજુ કર્યેથી કૃષિ બજાર બોર્ડ દ્વારા બોનસ સહાયની રકમ ખેડુતને ચેક દ્વારા ચુકવાશે. આમ, આ સહાય એ કપાસના ટેકાના ભાવ ઉપરાંતની રહેશે. આ નિર્ણયને કારણે રાજયમાં કપાસના ભાવો અપેક્ષા મુજબના જળવાઈ રહેશે અને તેનાથી રાજયના કપાસ પકવતા ખેડુતોને ફાયદો થશે તેવો વિશ્વાસ મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

# દેવકરણના મુવાડામાં સગર્ભા માતાઓનો તપાસણી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં મંગળવારના રોજ સગર્ભા માતા ચકાસણી કેમ્પ યોજાઈ ગયો. આ કેમ્પમાં પંથકની મોટી સંખ્યામાં સગર્ભા બહેનોએ ભાગ લઈ આરોગ્ય વિશેની માહિતી મેળવી હતી. હાજર તબીબો દ્વારા વિવિધ ટેસ્ટ કરાવી જરૂરી માર્ગદર્શન પુરું પાડયું હતું.

જિલ્લા આરોગ્ય તંત્ર ગાંધીનગર તેમજ તાલુકા આરોગ્ય કચેરી દહેગામના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવકરણના મુવાડામાં મંગળવારે સગર્ભા માતા ચકાસણી કેમ્પનું સુંદર આયોજન થયું હતું. દહેગામ પંથકના વિસ્તારની આશરે ૧૦૨ જેટલી સગર્ભા બહેનોની ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં લોહી, યુરીન, બલડગૃપ, એચ.બી., આર.બી.એસ., આર.પી.આર.ની સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. ચિરાગભાઈ પટેલ, ડૉ. ધર્મેશ પરીખ અને ડૉ. અતુલ પંડયા દ્વારા તપાસ થઈ હતી. જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી ચેતનાબેન પટેલે આ કેમ્પમાં વિશેષ ઉપસ્થિત રહી તમામ ગર્ભવતી બહેનોને સગર્ભા અવસ્થા દરમિયાન રાખવાની કાળજી પ્રત્યે માહિતગાર કર્યા હતા. તાલુકા આઈ.ઈ.સી. અધિકારી અને તાલુકા સુપરવાઈઝરે સગર્ભા બહેનોને આરોગ્ય સાચવણી અંગે જાગૃત કર્યા હતા. આ કેમ્પમાં હાજર સગર્ભા બહેનોને પૌષ્ટીક અલ્પાહાર આપી આહાર પ્રત્યે વિશેષ કાળજી રાખવા સુચન કર્યા હતા.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)



આ કેમ્પનું સુચારૂ સંચાલન મેડીકલ ઓફીસર તથા આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પની સફળતા માટે એલ.ટી., એફએચએસ, એમપીએચએસ, ફીલ્ડ હેલ્થવર્કર, મ.પ.વ. ફાર્માસિસ્ટ, આશા ફેસીલેટર અને આશાબહેનોએ ભારે જહેમત ઉઠાવી પોતાનું યોગદાન આપ્યું હતું. પંથકમાં સરકારના આ પ્રકારના કેમ્પથી સંતોષની લાગણી ઉભી થઈ હતી.

## બાગાયતી યોજનાનો લાભ મેળવેલ ખેડૂતોએ ખર્ચના કાગળો ઝડપી રજુ કરવા જોગ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યસરકારના બાગાયત ખાતા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓ જેમ કે રાજ્ય સરકાર ગુજરાત હોર્ટીકલ્ચર મિશન તેમજ રાષ્ટ્રીય કૃષિ યોજના અન્વયે ખેડૂતોને વિવિધ સહાયલક્ષી લાભ આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના ખેડૂતોએ ચાલુ વર્ષે બાગાયત યોજનાઓનો લાભ માંગતા ખેડૂતોએ i-khedvt porter (websiti www.ikhedvt.gujrat.gov.in) માં ઓનલાઈન અરજી કરેલ હોય તેમજ બાગાયત કચેરીએથી પૂર્વ મંજૂરી આપવામાં આવી હોય તેવા બાગાયતદારો ખેડૂતોએ સત્વરે કામગીરી પૂર્ણ કરી ખર્ચના અસલ બીલો તથા જરૂરી સાધનીક કાગળો રૂબરૂ કચેરીમાં તાત્કાલિક જમા કરાવવા જણાવાયુંછે.

આ કાગળો મળ્યા બાદ સહાયના નાણાં ચુકવવા માટેની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જો બાગાયત યોજનાનો લાભ મેળવેલ ખેડૂતો જરૂરી કાગળો પહોંચાડવામાં વિલંબ કરશે ખેડૂત ખાતેદારોની અંગત જવાબદારી રહેશે જેની લાગતા વળગતા ખેડૂતોએ નોંધ લેવી.

# સીબીઆઈના દુરપયોગ સામે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા રાજ્યભરમાં પ્રદર્શનો

ગાંધીનગર, તા. ૧૬

સૌ પ્રથમ વખત બહુમતીથી દિલ્હીમાં સરકાર બનાવ્યાની સાથે જ આમ આદમી પાર્ટીએ ભ્રષ્ટાચાર સામે મજબુત લોકપાલની વાત હોય, એસીબી દ્વારા ટૂંક સમયમાં જ અનેક ભ્રષ્ટ અધિકારીઓને જેલ મોકલવાની વાત હોય કે પોતાના મંત્રી સામે માત્ર એક રેકોર્ડીંગના આધાર પર ૨૪ કલાકમાં સસ્પેન્ડ કરવાની વાત હોય, આમ આદમી પાર્ટીએ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ પોતાની પ્રતિબદ્ધતા દેખાડી છે. ત્યારે કેન્દ્રમાં બેઠેલી મોદી સરકારે દિલ્હીની પ્રજાના ચુકાદાને સન્માન આપી સહયોગ કરવાને બદલે રાજકીય દ્વેષ રાખી પોલીસતંત્ર, એલ.જી. તથા પોતાના સર્વે તંત્રઓ કામે લગાડી સરકારી કાર્યોમાં વિઘ્નો નાંખવાનો એકેય મોકો છોડ્યો ન હોવાના આક્ષેપ સાથે વિરોધ પ્રદર્શનો આપ પાર્ટીએ શરૂ કર્યા છે.



સીબીઆઈના મોદી સરકાર પ્રેરિત દુરૂપયોગ સામે આજે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતભરમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. અમદાવાદ તથા સુરતમાં થઈ રહેલા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન પુરા કરી વિરવિખેર થઈ રહેલા કાર્યકર્તાઓમાંથી અમુક કાર્યકરોને નામ લખવાના બહાને બોલાવી અંતે તેમની અટકાયત કરવામાં આવી હતી અને બાદમાં કોઈ પણ કારણ જણાવ્યા વગર છોડી મુક્યા હતા. આ પ્રકારના વિરોધ પ્રદર્શન રાજકોટ, ભાવનગર, વડોદરા પણ કરવામાં આવ્યા હતા. જો કે ગાંધીનગરમાં આ પક્ષ નિષ્ફળ રહ્યો હતો.

## સંજય જોશીના પોસ્ટરો ફરીવાર નજરે પડ્યા છે

અમદાવાદ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના હરીફ રહી ચુકેલા સંજય જોશીના પોસ્ટરનો વિવાદ હજુ શાંત થઈ રહ્યો નથી. મોદીના હરીફ જોશીના પોસ્ટરો ફરીવાર અમદાવાદમાં ઘણા વિસ્તારમાં જોવા મળે છે. નવા લાગેલા પોસ્ટરોમાં કહો દિલ સે, સંજય જોશી ફિર સે અને સાદગી એવમ સરલતા યાને સંજય જોશીના સુત્રો લખાયા છે.

# જિલ્લાની નબળી શાળાના આચાર્યો સાથે શનિવારે શિક્ષણાધિકારીની બેઠક

ગાંધીનગર, તા.૧૬

નબળુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યો અને શિક્ષકોની કામગીરી અંગે ટુંકમાં સમીક્ષા કરાશે. પ્રથમ કસોટીના અંતે શાળાઓના પરિણામમાં કેટલી સુધારણા થઈ તે અંગે પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરામર્શ કરવામાં આવશે.

### પ્રથમ કસોટીના પરિણામમાં સુધારના માપદંડો ચકાસી કામગીરીની પણ સમીક્ષા કરાશે

સરકારી શાળાઓમાં બોર્ડની કસોટીનું નબળુ પરિણામ આવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યા બાદ શિક્ષણ વિભાગમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. ગત બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ જિલ્લામાં ઘણી ખરી શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચું હોવાનું સ્પષ્ટ થતા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શાળાઓના પરિણામની ટકાવારી સુધારવા આચાર્યોની સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં નબળા પરિણામમાં સુધાર લાવવા શું કરી શકાય તે અંગેના સુઝાવ મેળવી માસ્ટર પ્લાન બનાવાયો હતો.

શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકોની પણ કસોટી લેવામાં આવી હતી. નબળી શાળાના વિદ્યાર્થીઓને વધારાના વર્ગો શરુ કરવા સહીતના વિવિધ સૂચનો પણ અમલી બનાવવા જણાવાયું હતું. જિલ્લા શિક્ષણ તંત્રના અધિકારીઓ પણ આ મામલે શાળાઓમાં પરિણામ સુધારણા અન્વયે હાથ ધરાતી કામગીરીનું નિરિક્ષણ કરવા સમયાંતરે રાઉન્ડ લે છે. જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જિલ્લામાં ૩૦ ટકાથી નબળું પરિણામ ધરાવતી શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે આગામી શનિવારે રીવ્યુ બેઠક યોજવામાં આવશે. આ દરમિયાન પ્રથમ કસોટીના પરિણામ ઉપરાંત પરિણામ સુધારણા માટે શું કાર્યવાહી કરી તે અંગેનો રીવ્યુ લેવાશે. જિલ્લા શિક્ષણાધિકારીના અધ્યક્ષસ્થાને યોજાનારી આ બેઠક દરમિયાન પરિણામલક્ષી સુધારણાને સ્પર્શતા પરિબળો અંગે પણ પરામર્શ કરવામાં આવશે.



## આરોગ્ય વિભાગની ટીમનો સેમીફાઈનલમાં પ્રવેશ

આંતરવિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલ મેચ આજે આરોગ્ય વિભાગ અને શહેરી વિકાસ વિભાગ વચ્ચે રમાઈ હતી. જેમાં આરોગ્ય વિભાગના ખેલાડી ભાવિક ચૌધરીની ધમાકેદાર બેટીંગને લીધે આરોગ્ય વિભાગની ટીમનો ભવ્ય વિજય થયો હતો. અને આ જીત સાથે જ આરોગ્ય વિભાગની ટીમે સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. મેચના અંતે હિરેન નિનામાને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. તેમ આરોગ્ય વિભાગ મેનેજર સી.એન. મારૂએ જણાવ્યું હતુ.

# ‘સલામત અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક’ - ખોરાકમાં ભેળસેળ સામે ઝુંબેશ થીમ આધારિત વિવિધ લોકજાગૃતિ કાર્યક્રમો યોજાશે

ગ્રાહકોમાં અધિકારો અંગે લોકજાગૃતિ કેળવાય તે આશયથી ૨૪ ડિસેમ્બરને પ્રતિવર્ષ રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેના ભાગરૂપે ગુજરાતમાં પણ તા. ૨૧ થી ૩૦ ડિસેમ્બર-૨૦૧૫ દરમિયાન ગ્રાહક જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવશે તેમ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના અગ્રસચિવશ્રી એમ. કે. દાસની યાદીમાં જણાવાયુંછે.

કેન્દ્ર સરકાર દ્વારા ‘સલામત ખોરાક-ખોરાકમાં ભેળસેળ સામે ઝુંબેશ’ની થીમ પર રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર દિવસ ૨૦૧૫ની ઉજવણી કરવાનું નક્કી કરાયું છે. જે મુજબ રાજ્યભરમાં જિલ્લા તથા તાલુકા કક્ષાએ ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો યોજાય તેવું આયોજન કરાયું છે. આ દિવસે સમગ્ર રાજ્યમાં ગ્રાહક જાગૃતિ અંગે રાજ્ય સરકાર દ્વારા રેલીઓ, પ્રદર્શનો, સેમીનારો, કન્ઝ્યુમર ક્લબોમાં, શાળાઓમાં ગ્રાહક જાગૃતિ અંગેની ચિત્ર સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજવામાં આવશે. ગ્રાહકોને થતાં અન્યાય બાબતે રાજ્ય સરકાર દ્વારા ખાસ ગ્રાહક કોર્ટો કાર્યરત કરાઈ છે. જેમાં ગ્રાહક આ કોર્ટોમાં સીધો કેસ દાખલ કરી ન્યાય મેળવી શકે છે. જેમાં જિલ્લાકક્ષાએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચ અને કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રિય ગ્રાહક તકરાર નિવારણ પંચ પણ કાર્યરત છે જેમાં દરેક સ્તરે વિવિધ રકમ સુધીના વળતરના દાવાઓ માટે ગ્રાહક ન્યાય મેળવી શકે છે.

૨૪મી ડિસેમ્બર, ૧૫ રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર દિનની રાજ્યકક્ષાની ઉજવણી અમદાવાદ ખાતે અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને કરાશે. જ્યારે વડોદરા ખાતે નાગરિક પુરવઠા નિગમના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળાના અધ્યક્ષે તથા સુરેન્દ્રનગર ખાતે અન્ન નાગરિક પુરવઠા-ગ્રાહક બાબતોના વિભાગના સંસદીય સચિવશ્રી શામજીભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં એક કાર્યક્રમ યોજાશે.

# કપાસ ભાવ : સરકારની જાહેરાતનું થયેલું સ્વાગત

પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ રાજય સરકાર દ્વારા કપાસના ભાવમાં મણ દીઠ ૧૧૦ની સહાયની કરેલી જાહેરાતને પ્રદેશ ભાજપ વતી આવકારતા જણાવ્યું કે, ખેડુતોન પડખે ભાજપ સરકાર છે તેવી પ્રતિતિ સમગ્ર ખેડુત આલમને કરાવી છે. ફળદુએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી ભાજપા સરકારે રાજયના ખેડુતોને જ્યારે જ્યારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ત્યારે ત્યારે રાજય સરકારે ખેડુતોના હામી બની ખેડુતોને સથિયારો આપ્યો છે. છેલ્લા કેટલાક સમયથી કપાસના નીચા ભાવોને કારણે રાજયના ખેડુતોને મુશ્કેલી હતી, પોષણક્ષમ ભાવ મળી રહે તથા ખેડુતોને વિપરીત સંજોગોમાં હૂંફ મળે તે માટે પ્રદેશ ભાજપા સતત ક્રિયાશીલ હતું.